# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન ● વર્ષ : ૩ ● અંક : ૩૭ ● સળંગ અંક : ૧૪૨ ● તા.૨૭ ફેબ્રુઆરી થી ૦૫ માર્ચ ૨૦૨૧



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


KDO KHELOTSAV-7

# જલગાંવ કેડીઓ દ્વારા
# ૭મો ખેલોત્સવ સંપન્ન







SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494


જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.



**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# ઉંમર વધે એની સાથે ઉત્સાહ વધવો જોઈએ

બાળપણ નિર્દોષ, યુવાની મસ્તી ભરી મોજીલી હોય તો વૃદ્ધાવસ્થા પરવશ, લાચાર, એકાકી જેવી કેમ હોય છે! આમાં કોઈપણ રીતે વૃદ્ધ વડીલોનો મુખ્ય ફાળો છે. વરિષ્ઠ નાગરિકો પોતાનું જીવન તેજસ્વી રાખવું જોઈએ. તેને બદલે વિચારોના વમળમાં અટવાઈ, ઘર પરિવારની સમસ્યાઓથી ઘેરાઈ નિસ્તેજ થઈ જીવન પસાર કરે છે. પાછલી જિંદગી એવી રીતે જીવવી જોઈએ કે દરેક આપણાથી પ્રેરિત થઈ જાય. આપણું જીવન ધ્યેય અન્ય માટે ઉદાહરણ રૂપ બની જાય. પસાર થતો દરેક સમય ઉત્સાહ અને ઉમંગથી તરબતર હોવો જોઈએ. જીવનના સાઠ દાયકા પોતાના સિવાયના ઓ માટે જીવવ્યા પણ હવે પછીની આવરદા પોતાના માટે જીવીએ. જીવનની દરેક પળ અમૂલ્ય છે. દુનિયાની બધી કળાઓમાં જિંદગી કેવી રીતે જીવવી એ પણ એક કળા છે. એ રીતે જીવન જીવવાની કળા જેને આવડી ગઈ એને જીવનના દરેક તબક્કે જિંદગી માણવા લાયક લાગશે.

વ્યવસાય કે નોકરીમાંથી નિવૃત થનાર પ્રૌઢાવસ્થ વ્યક્તિ ભવિષ્ય માટે ચિંતિત હોય છે. પોતાના સ્વાસ્થ્ય માટે કાળજી ધરાવનાર હોય છે. વૃદ્ધાવસ્થા એટલે વળતાં પાણી એવું માની નિરાશા લાગણી ધરાવવી ન જોઈએ. નિવૃત્તિ બાદ એકાકી પણાની લાગણી અનુભવાય. અગાઉ જેટલું વ્યસ્ત જીવન હતું તેનો અભાવ થઈ સમય કેમ પસાર કરવો એવી વિમાસણ થાય પણ પદ્ધતિસર સમયપત્રક બનાવી નિયમિત દરેક કાર્યને જાળવી કરાય તો કોઈ માનસિક કે શારીરિક સમસ્યા ન સર્જાય. પોતાના માટે, પ્રભુ માટે અને પરજનો માટે કાર્ય થાય એનો આનંદ અને સંતોષ અલગ હોય છે. પ્રૌઢાવસ્થાનું પણ એક આગવું સૌદર્ય હોય છે. તે કેમ નિખરે એ આપણા હાથની વાત છે. બાળકોને પ્રેમ હેત ને વહાલ આપવું. યુવાનાનું માર્ગદર્શન કરવું અને સમોવડિયાઓની સાથે મૈત્રી રાખી જીવન આનંદિત કરી શકાય અને એથી પ્રફુલ્લિત થઈ શકાય છે.

આ અવસ્થા એક પાકેલાં ફળ જેવી છે. જેને જતનથી જાળવવી જોઈએ. હળવા હાથની માવજત રાખવી જોઈએ. આ ઉંમરમાં શરીરના સ્વાસ્થ્યને જાળવી રાખવું ખૂબ જ જરૂર બની જતું હોય છે. એટલે એની જાળવણી યુવાવસ્થાથી જાળવવી જોઈએ. આ સ્વાસ્થ્ય સજાગતા જો વર્ષો અગાઉથી રાખી હોય તો એ આ ઉંમરે એ સરળતાથી જળવાઈ રહે છે. પહેલું સુખ જાતે નર્યા એ તંદુરસ્તી જાળવણીનો જો સુખ આ ઉંમરે મળે તો ઉત્સાહ આનંદમાં કોઈ ઓટ આવતી નથી. નવું જાણવાની, નવું શીખવાની ધગશ આ ઉંમરે રાખવી જોઈએ જેથી નાવિન્ય જ્ઞાન પામવાની ઉત્કંઠા જીવનનો આનંદ બની શકે. નવું શીખવાના શોખથી ઉત્સાહમાં વધારો થાય છે. જીવન જીવવાનું ઝનૂન જાગે છે. જેનાથી કોઈ નેગેવિટી વિચાર આયુના દિવસો ભલે ઓટ ભણી વહેતાં હોય પણ ઉત્સાહની ભરતી સતત ઉરમાં આ અવસ્થામાં પણ રહેવી જોઈએ.

– જય જ્ઞાતિમૈયા

# વડીલોની એકલતા એક અભિશાપ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

દેશમાં એકલાયા વૃદ્ધોની સંખ્યા વધી રહી છે. એ પાછળનું કારણ આજની આધુનિક જીવનશૈલી, મોર્ડન વિચાર પદ્ધતિ અને સંતાનોનું વિભક્ત પરિવારમાં રહેવું. આને લીધે પરિવારના વડીલો એકલા અટુલા જીવવા મજબૂર બને છે. આજના યુગમાં સંયુક્ત કુટુંબમાં રહેવું કોઈને ગમતું નથી. વધુ શિક્ષણ પામેલા પુત્ર પુત્રીઓ વડીલોના સંગાથમાં જીવવું રહેવું પસંદ કરતા નથી તેમાં મુંબઈ જેવા મહાનગરમાં રહેતા લોકોને પોતાના માટે સમય નથી હો તો ત્યારે પોતાના એકલા અટૂલા રહેતા જીવતા વડીલો માટે સમય કાઢવો મુશ્કેલ હોય છે. તો પડોશમાં રહેતા અન્યો પણ તેમની તરફ ઉપેક્ષા ભાવ રાખે છે.

વૃદ્ધોના કલ્યાણ માટે કામ કરતી એક સમાજ સેવી સંસ્થાના રીસર્ચ અનુસાર મુંબઈમાં જ અંદાજે પાંચ લાખ વ્યક્તિ એકલી અથવા પોતાના વૃદ્ધ જીવનસાથી સાથે જીવન વિતાવી રહી છે. એમની રોજિંદી કાળજી લેવાવાળું કોઈ નથી કારણ તે ક્યાં તો એમનાં બાળકો વિદેશ રહે છે અથવા તો એમના સંતાનો એમને તરછોડયાં છે અથવા અલગ શહેરમાં કે એ જ શહેરમાં અન્યત્ર રહે છે. આવા નિ:સહાય વડીલોને સમાજ સેવી સંસ્થાઓ હૂંફ આપે તો એમને લાગણી હેત ને વહાલની વર્ષા મળી શકે.

એકલાં રહેતા વૃદ્ધો માટે જો કે મુંબઈ પોલીસે ૧૦૯૦ નંબરની ખાસ ફોન સેવા શરૂ કરી છે. આ નંબર પર ફોન કરીને એકલા રહેતા વૃધ્ધો પોતાની સમસ્યા જણાવી શકે છે કે એકલવાયું જણાતાં વાત કરી શકે છે. પણ એકલવાયું જીવન જીવતાં કેટલા વૃદ્ધોને આ નંબર વિશેની માહિતી હશે એ પણ એક પ્રશ્ન છે. એકલવાયુ જીવન જીવતા લોકો કોઈપણ વયના હોઈ શકે પણ તેમની સંભાળ માટે સમાજના સંગઠનો સક્રિય થઈ આગળ આવે એ જરૂરી છે. વડીલો આપણી વિરાસત છે. ઉજ્વળ તવારીખનું અણમોલ પ્રકરણ છે. તેઓની સંભાળ લેવી એ તેમના સગાં સંબંધીઓની સાથે સમાજની પણ ફરજ છે.

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC0ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of '**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**'
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક** at par **મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી ક.દ.ઓ જૈન સમાજ જલગામનો
# ૭મો ખેલોત્સવ સફળતાપૂર્વક સંપન્ન






તા. ૭ ફેબ્રુઆરી રવિવારના શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સમાજ જલગામ આયોજિત ૭મો ખેલોત્સવ ખેલદિલી ભર્યા માહોલમાં સંપન્ન થયો. વર્ષ ૨૦૧૫થી દર વર્ષે નિયમિત યોજાતો આ રમતોત્સવનો આ વર્ષે ૭મો મણકો હતો. જેનું આયોજન જલગામ કેડીઓ જૈન કલ્ચરલ એન્ડ સોશ્યિલ વેલફેર લીગ દ્વારા આયોજન બધ્ધ રીતે કરાયું.

શ્રેષ્ઠીવર્ય અશોકભાઈ જૈનના સહકાર્યથી જૈન ક્રિકેટ એકેડમી ગ્રાઉન્ડ પર વેલી સવારના ૭ કલાકથી જ્ઞાતિના નાની મોટી વયના બાળકો, યુવાનો, બહેનો અને ભાઈઓ ઉમંગ, ઉત્સાહ અને પોતાની ટેલેન્ટને દર્શાવવા આમાં સહભાગ લે છે. ૮ મિશ્ર ટીમો જે બાળકો, મહિલાઓ અને પુરૂષ ખેલાડીઓની બનેલી હોય છે. ખેલાડીઓની પસંદગી હરાજી બોલી દ્વારા કરાય છે. લીંગ મેચ પછી સેમી ફાઈનલ અને છેવટે ફાઈનલ મેચ દ્વારા વિજેતા ટીમ બને છે. સવારે ૮ થી ૮.૩૦ ચા નાસ્તો, બપોરે ૧૨.૩૦ થી ૧.૩૦ લંચ અને ૪ વાગે હાઈ-ટીમાં ચા નાસ્તો અપાયો હતો.






# શ્રી ક.દ.ઓ જૈન સમાજ જલગામનો ૭મો ખેલોત્સવ સફળતાપૂર્વક સંપન્ન





વિજેતા જેટી જાયન્ટ્સ લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડ નવીનચંદ્ર ચંદુલાલ ખોનાને તથા વિજયાબેન ભરત લોડાયાને કેડીઓ જલગામ માટે વિશેષ યોગદાન આપવા બદલ આપવામાં આવ્યો. તેમજ રનર્સ અપ ટીમ જિનસાસન કે જાદુગરને રોકડ પુરસ્કાર અને ટ્રોફી જ્યારે સહભાગી સર્વે ટીમને મોમેન્ટો જ્યારે સર્વે પ્લેયર્સને ટી-શર્ટ અપાયા હતા.




ઈનામ વિતરણ સમારોહના મુખ્ય અતિથિ વિશેષ તરીકે રાજ્ય સરકારના મંત્રી અને જલગામ જિલ્લાના પાલકમંત્રી ગુલાબરાવ પાટીલ, ક.દ.ઓ જૈન મહારાષ્ટ્ર એકમના નવનિયુક્ત પ્રમુખ મનિષભાઈ ભવાનજી લોડાયા-ચાલીસગામ તથા એડવોકેટ પ્રકાશ ઝાલ્ટે ઉપસ્થિત રહ્યાં હતા. મુંબઈ મહાજનના પ્રમુખશ્રી નયનભાઈ ભેદાએ પ્રેક્ટીસ દરમ્યાન વિશેષ મુલાકાત લીધી હતી.









# વુમન્સ-ડે (મહિલા દિન)

## નિમિત્તે

આપના પરિસરમાં રહેતી
જ્ઞાતિની મહિલાઓ
જેમણે નેશનલ અથવા
ઈન્ટરનેશનલ લેવલ પર
કોઈ સારુ કાર્ય કર્યુ હોય
તો તેઓ ૨ ફોટા સાથે
300 શબ્દોમાં વિગત લખીને
અમને ઈમેલ કરી શકે છે
અમે જ્ઞાતિમૈયા માટે
એક સંભારણું બનાવવાનું છે.




**ફોટા સાથે વિગત મોકલવાની છેલ્લી તારીખ ૫ માર્ચ ૨૦૨૧ રહેશે**

## આ વિશેષ અંકમાં આપની જાહેરાત આપો

**કલર ફુલ પેજ રૂા.૮૦૦/- • કલર હાફ પેજરૂા.૫૦૦/-**


Manisha Lalka - 9820545734
Varsha Lodaya - 9833072879
Email : gyatimaiya2018@gmail.com

# સાંધવ સંઘમાં પ.પૂ.કનકગુણાશ્રીજી મ.સા.નું સામૈયું થયું









રવિવાર તા.૨૧ ફેબ્રુઆરીના સવારે સંઘ જિનાલયની ધ્વજા મહોત્સવમાં નિશ્રા પ્રદાન કરવા પધરામણી કરેલ. પ.પૂ. સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા પનું સામૈયું વાજતે ગાજતે કરાયું. પૂજ્ય સાહેબની પધરામણીનો ઉત્સાહ સંઘના શ્રાવક શ્રાવિકાઓમાં અત્યંત વ્યાપ્યો હતો.

અત્રેના શ્રી શાંતિનાથ દાદાની શીતલ છાયામાં પ.પૂ.સાધુ ભગવંતો અને સાધ્વીજી ભગવંતોનું સામૈયું કરાયું. જેમાં ગામની દીકરી મ.સા. પ.પૂ.હીરગુણાશ્રીજી મ.સા. દીક્ષા બાદ પાંચ વર્ષ પધારેલ છે. જેનો હરખ ગામવાસીઓને રહ્યો છે.

પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા-પના સામૈયામાં ભાંડુપથી મનોજ લોડાયા, કોઠારાથી કાંતિલાલ લાલકા વારાપધ્ધરથી પ્રેમચંદ મોમાયા તથા સાંધવવાસીઓ સારી સંખ્યામાં પધારેલ. આજનો આખા દિવસનો સાધર્મિક ભક્તિનો લાભ માતુશ્રી ઝવેરબાઈ પદમશી કલ્યાણજી ખોના પરિવાર ભાંડુપવાળાએ લીધેલ. બપોરના શાંતિ શક્રસ્તવ અખંડ અભિષેક એમના તરફથી રાખવામાં આવેલ. રાત્રે પ્રભુજીની ભક્તિ ભાવના ભણાવામાં આવેલ.

ગામના દીકરી મ.સા. એવા પ.પૂ.સા.ભ.શ્રી હીરગુણાશ્રીજી મ.સા.ના સંસારી દાદીમા માતુશ્રી ઝવેરબાઈ પદમશી કલ્યાણજી ખોના પરિવાર હાલે ભાંડુપવાળા તરફથી ગાયોને નીલો ચારો, પક્ષીઓને ચણ તથા કુતરાઓને રોટલા આપી જીવદયાનું ઉત્તમ કામ કરાયેલ જે માટે સાંધવ સંઘ દાતા પરિવારની અનુમોદના કરી હતી.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# મહારાષ્ટ્ર પ્રાંતના ધરણગામ નગરે અચલગચ્છીય શ્રાવક દંપતી સજોડે દીક્ષા ગ્રહણ કરી સંયમ જીવન પંથ સ્વીકાર્યું






મહારાષ્ટ્ર રાજ્યના ધરણગામ નગર સંઘમાં તા.૨૨ ફેબ્રુઆરી સોમવારના ભવ્ય દીક્ષા મહોત્સવમાં સંસારજીવન વ્યતિત કરતા ધર્માનુરાગી સુખી દંપતિ સજોડે દીક્ષા ગ્રહણ કરી સંયમ જીવન પંથ સ્વીકાર્યું. પ્રિયંકાન્તભાઈ દેઢિયા પ.પૂ.મુનિરાજ શ્રી પ્રેમરત્નસાગરજી મ.સા. તરીકે પ.પૂ.શ્રી ધર્મરત્નસાગરજી મ.સા.ના શિષ્ય જાહેર થયેલ. શ્રીમતી રંજનબેન દેઢિયાનું નામકરણ દીક્ષા બાદ પ.પૂ.સાધ્વીશ્રી ક્ષાયિકપૂર્ણાશ્રીજી મ.સા. થયેલ અને તેઓ પ.પૂ.સાધ્વીશ્રી અક્ષયપૂર્ણાશ્રીજી મ.સા.ના શિષ્યા જાહેર થયેલ. પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની પુનિત નિશ્રામાં ધરણ ગામ સંઘમાં પ્રથમ જ વાર અચલગચ્છની આ સજોડે અદ્‌ભૂત અને અદ્વિતીય દીક્ષા સુંદર રીતે પરિપૂર્ણ થઈ.






# વસઈ નગરે પંચાન્હિકા મહોત્સવના દ્વિતીય દિવસે અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રીમહાકાલી દેવી મહાપૂજન હવન થયું


















શ્રી વસઈ નગરે શ્રી વિમલનાથ દરબારે શ્રી સુમતિનાથ જિન મંડપે અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણા તથા પ.પૂ.સાધ્વીશ્રી વિપુલગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી દિવ્યપુર્ણાશ્રીજી મ.સા. આદિ ઠાણાની પુણ્યકારી શુભ નિશ્રામાં તા.૨૦ ફેબ્રુઆરી શનિવારથી તા.૨૪ ફેબ્રુઆરી બુધવાર સુધી સોહામણી જિન ગુરૂભક્તિ સહ પંચાન્હિકા મહોત્સવ આયોજન થયું.

પ્રથમ દિવસે શનિવાર તા.૨૦ ફેબ્રુઆરીના સવારે ૭ કલાકે મહાવીર ચોકથી ભવ્ય સામૈયું કરાયું. સવારે ૮ કલાકે મંગલ પ્રવચન બાદ નવકારશી બપોરે ૨ કલાકે વાસુપૂજ્ય મહિલા મંડળએ જિન ગુરૂ ભક્તિ મહોત્સવના લાભાર્થી પરિવારો તરફથી પ.પૂ.આ.ભ.શ્રીગુણસાગરસૂરીશ્વરજી મ.સા. ગુરૂપૂજન ભણાવ્યું.

દ્વિતીય દિવસે તા.૨૧ ફેબ્રુઆરી રવિવાર સવારે ૯ કલાક વિધિકાર નિખિલભાઈ હરિયા એન્ડ પાર્ટી બાડાવાળાના સંગાથે અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાલી દેવી મહાપૂજન અને હવન ભવ્ય રીતે સંપન્ન થયેલ. ત્યારબાદ સાધર્મિક ભક્તિ જેના લાભાર્થી જિન ગુરૂ ભક્તિ મહોત્સવના લાભાર્થી પરિવારો હતા.





**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# આગમ દિવાકર પ.પૂ.આચાર્યશ્રીની નિશ્રામાં બલસાણામાં વડી દીક્ષા

આગમ દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણા ૪ તા.૨૫ ફેબ્રુઆરી ગુરૂવારના ધરણા ગામથી વિહાર કરેલ છે. તા.૨૪ ફેબ્રુઆરીથી નવદિક્ષિત પ.પૂ.મુનિરાજ શ્રી પ્રેમરત્નસાગરજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી ક્ષાયિકાપૂર્ણાશ્રીજી મ.સા.ના વડી દીક્ષા માટે શ્રી આવશ્યક સૂત્રના જોગ શરૂ થયા છે. જેમાં એક મહિના સુધી સળંગ આયંબિલ ચાલશે. પૂજ્યશ્રી સાહેબ તા.૨૬ ફેબ્રુઆરીના પારોલા થઈ. તા.૨,૩ અને ૪ માર્ચના ધુલિયા, તા.૮,૯ અને ૧૦ માર્ચ બલસાણા તીર્થ પધારશે. તા.૧૦ માર્ચના બલસાણા તીર્થે બન્ને નવ દીક્ષિતોની વડી દીક્ષા થશે. ત્યારબાદ નેર તીર્થ, બલસાણા, દેવલાલી, ધર્મચક્રતીર્થ, શાહપુર તીર્થ થઈને ચૈત્રી ઓળી પહેલાં મુંબઈ પધારવાના ભાવ છે.

# રાજસ્થાન પ્રદેશના પાલી સંઘમાં રંગ આનંદથી ધ્વજા મહોત્સવ સંપન્ન થયો



રાજસ્થાન પ્રદેશના પાવન તીર્થ પાલી સંઘમાં પ.પૂ. કમલપ્રભસાગરજી મ.સા.ની પાવન સભર નિશ્રામાં ધ્વજા મહોત્સવ આ આનંદ સભર માહોલમાં વિવિધ ધર્મ આરાધનાઓ સાથે સંપન્ન થયો. સંઘના શ્રાવક શ્રાવિકાઓ હર્ષોલ્લાસપૂર્વક સહભાગ લઈ ધન્ય ધન્ય થયા હતા.

# અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મહારાજ સાહેબનો સંભવિત વિહાર કાર્યક્રમ

અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણાનો આગામી વિહારનો સંભવિત કાર્યક્રમ પ્રમાણે તા.૨૭ ફેબ્રુઆરી શનિવારે શક્તિ નગર, તા.૨૮ ફેબ્રુઆરી રવિવાર રાવલપાડા, તા.૧ માર્ચ સોમવાર તથા તા.૨ માર્ચ મંગળવાર કાંદિવલી, તા.૩ માર્ચ બુધવાર અને તા.૪ માર્ચ ગુરૂવાર મલાડ, તા.૫ માર્ચ શુક્રવાર કુરાર, તા.૬ માર્ચ શનિવાર અને તા.૭ માર્ચ રવિવાર ગોરેગામ અને તા.૮ માર્ચ સોમવાર જોગેશ્વરી છે.

# વસઈ સંઘમાં વાસુપૂજ્ય જિનાલયમાં ઋષિ મંડળ કેસર અભિષેક અનુષ્ઠા આરાધના સંપન્ન થઈ






અચલગચ્છાધિપતિ આજ્ઞાવર્તિની પ.પૂ.શ્રી હિરણ્યગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.શ્રી યશોગુણાશ્રીજી મ.સા.ની પુનિત સભર નિશ્રામાં વસઈ સંઘના વાસુપૂજ્ય જિનાલયે ઋષિ મંડળ કેસર અભિષેક અનુષ્ઠાન ખૂબ જ સારી રીતે હર્ષોલ્લાસથી સંપન્ન થયા.

# શત્રુંજયતીર્થે કવિન્દ્ર વીર સાધના નિકેતન મધે સિધ્ધચક્ર, સર્વકામના સિધ્ધિદાયક મહાલક્ષ્મી મહાવિધાન આરાધના





મનોકામના પૂરક, વિઘ્નનાશક, સમૃધ્ધિદાયક ગુરૂપુષ્પામૃત સિધ્ધિયોગના શુભ દિવસે શત્રુંજ્ય તીર્થની છાયામાં આદિનાથ દાદાના સાંનિધ્યમાં સજોડ શાસન પ્રભાવક, સળંગ ૧૯મા વર્ષીતપના તપસ્વીરત્ન, સૂરિમંત્ર, પંચ પ્રસ્થાન સાધક પ.પૂ. આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ સાધુ સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં કવિન્દ્ર વીર સાધના નિકેતન મધે સિધ્ધચક્ર તથા સર્વકામના સિધ્ધિદાયક મહાલક્ષ્મી મહાવિધાનમાં ઓનલાઈન સેંકડો આરાધક સહ સાહેબજીના સાંનિધ્યમાં પર્યાપ્ત સંખ્યામાં ભાવિકો અત્યંત ઉત્સાહ સાથે જોડાયા.

અનુષ્ઠાન દરમ્યાન પ્રભાવશાળી ગુરૂ મંત્ર પ્રદાન કરવામાં આવ્યું. જેની સાધના કરવાથી જીવન ધન્ય ધન્ય બની જશે. હજુ પણ આરાધકો નથી જોડાયા તે જોડાય નહીં તો આ અલભ્ય ગુમાવશો.

# મુંબઈ મેટ્રોરિજનમાં વધતા કોરોના પ્રકોપને કારણે ટિટવાલા મધે ગુરૂદેવના વંદન દર્શન માટે પ્રતિબંધ

મુંબઈ તેમજ આસપાસના પડોશના પરિસરના નગરોમાં કોરોનાનો ફરી પ્રકોપ શરૂ થયો છે. જેને લક્ષમાં લઈ ટિટવાલા નગરે બિરાજમાન પ.પૂ.ગુરૂદેવશ્રી ઉદયરત્નસાગરજી મ.સા. તથા પ.પૂ. યુવામુનિ શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ના દર્શન વંદન કરવા માટે તા. ૨૬ ફેબ્રુઆરીથી તા. ૧૨ માર્ચ સુધી સદંતર મનાઈ કરાઈ છે. પૂજ્ય ગુરૂદેવ આ સમય દરમ્યાન કોઈને બિલકુલ રૂબરૂ મળશે નહીં. અત્યંત જરૂરી કામ હોય તો રામનો ૭૮૦૫૦૮૮૪૬૭ પર સંપર્ક કરવો.


## જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# શ્રી સુથરી સંઘના તીર્થાધિપતિ શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ જિનાલયના ૧૮૩મો ધ્વજારોહણ મહોત્સવનું આયોજન

શ્રી સુથરી સંઘના તીર્થાધિપતિ શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ જિનાલયની ૧૮૩મી ધ્વજારોહણ અવસરે ત્રિદિવસીય ધર્મ આરાધના મહોત્સવ તા.૧૭ મે, સોમવારથી તા.૧૯ મે, ૨૦૨૧ બુધવાર સુધીનું આયોજન પ.પૂ.મુનિરાજશ્રી હિતવર્ધનસાગરજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી મહાયશાશ્રીજી મ.સા.ની શુભ નિશ્રામાં કરાયું છે. મહોત્સવ દરમ્યાન વિધિકાર જિગ્નેશભાઈ સંઘવી અને સાથીદારો સંગીતકાર ગાયક પ્રવિણ ગોરની પાર્ટી સૂર સંગીત સહ વિધિ વિધાન કરાવશે.

મહોત્સવ પ્રસંગ ઝલકની ઝાંખીમાં તા.૧૭મે, સોમવાર વૈશાખ સુદ-૬ દિને શ્રી પાર્શ્વ પંચકલ્યાણક પૂજા તા.૧૮ મે, મંગળવાર વૈશાખ સુદ સાતમ દિવસે અઢાર અભિષેક વિધાન તથા તા.૧૯મે,૨૦૨૧ બુધવાર વૈશાખ સુદ આઠમ દિને સત્તરભેદી પૂજા, શ્રી ધૃત કલ્લોલ પાર્શ્વનાથ જિનાલયે ધ્વજારોહણ. આ ઉપરાંત તા.૨૦ મે, ૨૦૨૧ ગુરુવારના શ્રધ્ધેય શ્રી ભલારા દાદાના મુખ્ય સ્થાનની ધ્વજારોહણ પ્રસંગ પણ છે.

ધ્વજારોહણ મહોત્સવના શુભ દિને સર્વે ગામવાસીઓ, નિયાણી બહેનો, શુભચિંતકો, સાજન માજન સહ સર્વે પધારી પ્રસંગને વધાવવાનું સ્નેહભર્યું આગ્રહસહ નિમંત્રણ શ્રી સુથરી સંઘના ટ્રસ્ટીઓ દ્વારા અપાયું છે.

પ્રસંગ નિમિત્તે પધારનાર ભાગ્યશાળી ભાવિકોને રેલ્વેના સ્લીપર ક્લાસની ટિકિટના માતુશ્રી હિરાબાઈ હંસરાજ નરશી મોમાયા, ટિકીટની ઝેરોક્સ નકલ સાથે રાખવી. મહોત્સવ પ્રસંગે હાજરીની આગોતરી જાણ કરવા વિનંતી છે જેથી શ્રી સંઘને પધારનારની સુવિધા માટે યોગ્ય વ્યવસ્થા કરવા સમય મળે.

સંપર્ક - સુથરી દેરાસર પેઢી - ૦૨૮૩૧-૨૮૪૨૨૩ જિગ્નેશભાઈ છેડા.

---

# ભજન સમ્રાટ અનુપ જલોટાની ફિલ્મ સત્ય સાઈબાબામાં એક્તા જૈન દંડ પણ અભિનયના ઓજસ પાથરશે



જ્ઞાતિની બહુમુખી પ્રતિભા ધરાવતી અભિનેત્રી એક્તા હિરાચંદ જૈન - દંડ મંજલ રેલડીયા, મુંબઈની પસંદગી ભજનસમ્રાટ અનુપ જલોટાના મુખ્ય નાયક તરીકેની ફિલ્મ સત્ય સાઈબાબામાં કરવામાં આવી છે. આ માટે અભિનેત્રી એક્તા જૈન રોમાંચ અનુભવે છે અને પોતાની ભૂમિકા ભજવવા ખાસી મહેતન કરશે એવું જણાવ્યું છે આ રોલ માટે તેણે આઠ કિલો વજન ઘટાડ્યું છે.

એક્તા જૈન શતરંજ, ખલીબલી, અતિથિ, નાયક-ધ રીઅલ હીરો, તાલ, અન્જાને, ચોરી ચોરી ચુપકે ચુપકે જેવી ફિલ્મો અને શગુન, ઈન્સપેક્ટર વિજય, નૈના, ફેમિલી નં.૧, કહીં દિયા જલે કહીં જિયા, એક થી રાજકુમારી, ગાયત્રી મહિમા, જયગંગા મૈયા, શાકા લાકા બુમ બુમ જેવી ટીવી સિરીયલોમાં અભિનયના ઓજસ પાથર્યા છે. વ્યવસાયિક આર્ટિસ્ટ તરીકે પોતાનું સફળ યોગદાન આપ્યું છે તો સોશ્યલ વર્કર તરીકે પણ આગળ રહી છે. તેણી પ્રેમસદન નામક એનજીઓ સાથે સઘન સંકળાયેલી છે.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# અબડાસા મોટી પંચતીર્થીના કોઠારા જિનાલયની ૧૬૦મી વર્ષગાંઠ ઉજવાઈ




અબડાસા મોટી પંચતીર્થીના કોઠારા જિનાલયની ૧૬૦મી વર્ષગાંઠની ઉજવણી પ.પૂ.સા.શ્રી કનકગુણાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પૂ.સા.શ્રી મહાવ્રતગુણાશ્રીજી મ.સા., પૂ.સા.શ્રી કૃતાર્થગુણાશ્રીજી મ.સા.ની શુભ પાવન નિશ્રામાં ધાર્મિક આરાધનાઓ અને શાસ્ત્રોક્તવિધિ વિધાન સાથે કરાઈ હતી. સાંઘવથી કોઠારા પધારેલા પૂજ્ય સાધ્વીશ્રી ભગવંતોનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવેલ.

જિનાલયે સજાવવામાં આવેલ. તેમજ પ્રભુજીની ભવ્ય અંગરચના કરવામાં આવેલ. સમાજના આગેવાનો કલ્પેશભાઈ મોતા, ચેતનભાઈ મોતા, ભરતભાઈ જીવાણી, મનોજભાઈ લોડાયા, નિતીનભાઈ ધરમશી, ચેતનભાઈ ખોના, કીર્તિભાઈ લોડાયા-સુથરી, રતિલાલ ધ્રોળ, હીરાચંદ મોમાયા તથા શ્રાવક-શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ટ્રસ્ટી દિનેશભાઈ અજાણીએ સૌને મીઠડો આવકાર આપ્યો હતો.




કમલેશ ગોસ્વામી એન્ડ પાર્ટીએ સ્તવનોની રમઝટ જમાવી હતી. શ્રાવક-શ્રાવિકાઓ સંગીતના સથવારે રાસ તથા ચામર નૃત્ય રમી પ્રભુભક્તિના રંગે રંગાયા હતા. આ પ્રસંગે ભરતભાઈ જીવાણીનું વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ.

શાંતિનાથ પ્રભુજીની મુખ્ય ધ્વજા રોહણનો લાભ રાયચંદભાઈ ભોજરાજ ધરમશી મસૂર પરિવાર હસ્તે નિતીનભાઈ, મુનિસુવ્રતસ્વામીની ધ્વજાન લાભ પ્રેમાબાઈ લાલજી અજાણી પરિવારે, આદેશ્વર પ્રભુજીની ધ્વજાનો લાભ વીરચંદ માણેકજી મૈશેરી પરિવારે, જૂના શાંતિનાથ પ્રભુજીની ધ્વજાનો લાભ પુષ્પાબેન દામજી લોડાયા-બાંડીયા પરિવારે લીધેલ.

સત્તરભેદી પૂજા બાદ જિનાલયના શ્વેત શિખરો ઉપર વાજતે-ગાજતે મંત્રોચ્ચાર વચ્ચે શાસ્ત્રોક્ત વિધિ વિધાન સાથે ધ્વજારોહણ કરવામાં આવેલ. આ પાવન પ્રસંગે કોઠારા જૈન સંઘ દ્વારા પાંજરાપોળ મધ્યે ગૌમાતાઓને લાપસી, ગોળ ખવડાવવામાં આવેલ.

કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે કર્યું હતું. વ્યવસ્થામાં દીનેશ અજાણી, દિલીપ લોડાયા, લહેરચંદ લોડાયા, હરીશ મુનવર, ધનપતિ લોડાયા, દીનેશ મોતા, પ્રદિપ મુનવર, મહેન્દ્ર લોડાયા, કાંતિલાલ લાલકા, વર્ધમાન લોડાયા, ગુલાબ મોતા તથા સર્વે કાર્યકર ભાઈ-બહેનોએ સહકાર આપ્યો હતો.

# વારાપધ્ધર તીર્થે શ્રી અજીતનાથ જિનાલયની ૧૬૦મા ધ્વજા રોહણ મહોત્સવ પ્રસંગે વિવિધ ધર્મ આરાધનાઓ સાથે સંપન્ન થયો





કચ્છ અબડાસા પંથકના વારાપધ્ધર તીર્થેના શ્રી આદિનાથ સ્વામી શ્રી અજિતનાથ સ્વામી જિનાલયનો ૧૬૦મા વર્ષનો ધ્વજા રોહણ મહોત્સવ અવસરે તા. ૨૩ ફેબ્રુઆરીના મંગળવારે અઢાર અભિષેક તથા તા. ૨૪ ફેબ્રુઆરી બુધવારના ધ્વજા રોહણ કાર્યક્રમ પ.પૂ. મુનિરાજ શ્રી કંચનસાગરજી મ.સાની નિશ્રામાં વિધિકાર શ્રી ચંદ્રકાંતભાઈ દેઢિયા બિદડાવાલાના વિધિ વિધાન સંગે સાનંદ અને ઉત્સાહપૂર્ણ માહોલમાં સંપન્ન થયો.





# સાંધવ નગર જિનાલયનો ધ્વજા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો







તા. ૨૪ ફેબ્રુઆરી બુધવાર રોજ અબડાસા પંથકના સાંધવ નગર સંઘમાં પ.પૂ.શ્રી મુનિરાજશ્રી કંચનસાગરજી મ.સા., પ.પૂ. સાધ્વીશ્રી પુર્ણગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા અને પ.પૂ. સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા. આદિ સાધુ-સાધ્વીજી ભગવંતોની અમી ભરી નિશ્રામાં જિનાલયનો ધ્વજા મહોત્સવ ભવ્યાતિભવ્ય રીતે વિવિધ ધર્મ આરાધનો કરીને સંપન્ન થયો.





# રાણપર નગરે શ્રી મહાવીર સ્વામી જિનાલયનો ધ્વજા મહોત્સવ ઉત્સાહપૂર્ણ રીતે સંપન્ન થયો







કચ્છ પ્રાંતના રાણપર નગર સંઘમાં શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટી સંચાલિત શ્રી મહાવીર સ્વામી જિનાલયનો ધ્વજા મહોત્સવ તા.૨૨ ફેબ્રુઆરી સોમવાર દિને ઉત્સાહભર્યા માહોલમાં વિવિધ ધર્મ આરાધનાઓ સાથે સંપન્ન થયો.

મૂળનાયક દાદાની આંગી કરાવવાનો લાભ, પાંજરાપોળના અબોલ જનાવરોને મીઠી રાબ આપવાનો લાભ તથા પક્ષીને ચણ, કૂતરાને રોટલા નાખવાનો લાભ લેનાર લાભાર્થી દાતા અ.સૌ. રોમા કૃણાલ બિપિન છેડા સુથરીવાળાની મેરેજ એનિવર્સરી પ્રસંગે તેમના પરિવાર તરફથી. તથા કીર્તિભાઈ ધનજી કલ્યાણજી ધરમશી કચ્છ ગામ સુથરીવાળા હાલે બેંગ્લોરવાલા તરફથી. સંઘ દ્વારા દાતાશ્રીઓની અનુમોદના કરાઈ.

# બાયઠ નગરે ભવ્યાતિભવ્ય રીતે જિનાલયનો ધ્વજા મહોત્સવ સંપન્ન થયો





તા.૨૧ ફેબ્રુઆરી રવિવાર દિને કચ્છ અબડાસા પ્રાંતના બાયઠ નગરના સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી કલ્પ રશાશ્રીજી મ.સા. આદિ ઠાણાનું અને પ.પૂ.સાધ્વીશ્રી નમ્રગુણાશ્રીજી મ.સા.ની પાવન સભર નિશ્રામાં જિનાલયનો ધ્વજા મહોત્સવ અતિ ઉત્સાહ ભર્યા માહોલ વિવિધ ધર્મ આરાધનાઓ કરી સંપન્ન થયો.

# ગુણોદય પુરમ પાલીતાણાના શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલયની ચતુર્થ સાલગિરાહ નિમિત્તે ધ્વજા મહોત્સવ સંપન્ન થઈ





ગુરૂ ગુણોદય સ્મૃતિ તીર્થ શ્રી ગુણોદયપુરમ્ - પાલીતાણા ખાતે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલયનો ચતુર્થ ધ્વજારોહણ મહોત્સવ અજોડ શાસન પ્રભાવક, પ.પૂ.આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં સાનંદ સંપન્ન થયો.

મહા સુદ-૬ના જિનબિંબ શુદ્ધિકારક ૧૮ અભિષેક સહ સત્તરભેદી પૂજા સંગીતના સથવારે ભણાવાયેલ. જિનાલય નિર્માણના લાભાર્થી સંઘમાતા જયાબેન વિશનજી પાલણ મારૂ પરિવારના વરદ્ હસ્તે ધ્વજારોહણ થયેલ.

આ અવસરે પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી તથા મુનિ શ્રી હિતવર્ધનસાગરજી મ., પૂ. જગવલ્લભસાગરજી મ. આદિ તથા અન્ય ગચ્છીય શ્રમણો પધાર્યા હતા.

સુસાધ્વીશ્રી ચંદ્રોદયશ્રી-મહોદયશ્રી-ચારૂપ્રજ્ઞાશ્રી-અમિતપ્રજ્ઞાશ્રી-યશઃપ્રભાશ્રી તત્ત્વપૂર્ણાશ્રી-હિતપ્રજ્ઞાશ્રી-નંદીષેણાશ્રી-દિવ્યગુણાશ્રી-નંદીવર્ધનાશ્રી-આત્મકિરણાશ્રી આદિ શ્રમણીગણ પધાર્યા હતા.



આ અવસરે શ્રી વર્ધમાન નગર શ્વેતામ્બર જૈન સંઘ શ્રી ભૂજ અચલગચ્છ જૈન સંઘ કચ્છથી ખાસ પધારી શાસન શોભામાં અભિવૃદ્ધિ કરી જિનભક્તિ મહોત્સવમાં લાભ લીધો હતો. પૂજ્યપાદ્ આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.ને આગામી ચાતુર્માસાર્થે આગ્રહ ભરી વિનંતી પણ કરી હતી.

શ્રી સિદ્ધાચલમ્ જયાબેન વિશનજી મારૂ જૈન ગુણોદય ફાઉન્ડેશનના ચેરમેન શ્રી વિશનજીભાઈ પાલણ મારૂ, ટ્રસ્ટી શ્રી ચિંતલભાઈ વગેરે આ પ્રસંગ ઉપસ્થિત રહી આ ગુરૂ ગુણોદય સ્મૃતિ તીર્થના આંગણે આગામી ચાતુર્માસ કરવા માર્ગદર્શક મુનિ શ્રી પ્રિયંકરસાગરજી મ.ને વિનંતી કરેલ.

# પ્રવચન પ્રભાવક પ.પૂ.મુનિશ્રી દેવરત્નસાગરજી મ.સા.ના શિષ્ય પરિવારનો મુંબઈ તરફનો વિહાર કાર્યક્રમ

પ્રવચન પ્રભાવક પ.પૂ.મુનિવર્ય શ્રી દેવરત્નસાગરજી મ.સા.ના શિષ્ય પરિવારે ૧૮મા વર્ષીતપરાધક પ.પૂ.મુનિ શ્રી તીર્થરત્નસાગરજી મ.સા. પ્રવચનકાર પ.પૂ.મુનિ શ્રી મેઘરક્ષિતસાગરજી મ.સા., પરિમિતહાર એકારાકાર પ.પૂ.મુનિ શ્રી હેમરક્ષિતસાગરજી મ.સા.નો મુંબઈ તરફના આગામી વિહાર કાર્યક્રમની રૂપરેખા.

તા.૨૭ ફેબ્રુઆરી શનિવાર જલગાંવ ટાઉનશીપ ૩ કિ.મી., તા.૨૮ ફેબ્રુઆરી રવિવાર જૈન હિલ્સ ૪ કિ.મી., તા.૧ માર્ચ સોમવાર વાવડદા ૧૦ કિ.મી., તા.૨ માર્ચ મંગળવાર નાન્દ્રા ૧૫ કિ.મી., તા.૩ તથા ૪ માર્ચ બુધવાર, ગુરૂવાર પાચોરા ૧૫ કિ.મી., તા.૫ માર્ચ, તા.૬ માર્ચ શુક્રવાર, શનિવાર રસ્તાના વિહારમાં, તા.૭ માર્ચ અને ૮ માર્ચ શનિવાર, રવિવાર ચાલીસગામ આ મુજબનો સંભવિત વિહાર કાર્યક્રમ છે.

श्री घृतकल्लोल पार्श्वनाथाय नमः

श्री चक्रेश्वरी मातये नमः

श्री महाकाली मातये नमः

# श्री सुथरी जैन संघ

## दादाना दरबारेथी १८3मी ध्वजा महोत्सवे सप्रेम निमंत्रण

श्री भरत खंडे
श्री कच्छ देशे
श्री सुथरी नगरे
श्री घृतकल्लोल पार्श्वनाथ जिन-प्रसादे
श्री ध्वजा महोत्सवे
आ गच्छ आ गच्छ आ गच्छ

सुज्ञ श्री,
परम कृपाळु, सुथरी महातीर्थना तीर्थाधिपति श्री घृतकल्लोल पार्श्वनाथ जिनालयनी १८3मी ध्वजा रोहण प्रसंगे, आप सर्वेने निमंत्रण पाठवता, श्री सुथरी जैन संघ आनंद अनुभवे छे.
वैशाख सुद ८ बुधवार ता.१९-५-२०२१ना शुभ-दिने ध्वजा रोहण महोत्सवे आप सर्वे गामवासीओ, नियाणी बहेनो, शुभ-चिंतको, साजन माजन सह सर्वे पधारी प्रसंगने वधाववा स्नेहभर्यो आग्रह सह निमंत्रण

| ध्वजा महोत्सव प्रसंगना कार्यक्रमो | | | |
|---|---|---|---|
| तारीख | | | कार्यक्रम |
| १७-५-२०२१ | वैशाख सुद ६ | सोमवार | श्री पार्श्व-पंचकल्याणक पूजा |
| १८-५-२०२१ | वैशाख सुद ७ | मंगळवार | अढार अभिषेक विधान |
| १९-५-२०२१ | वैशाख सुद ८ | बुधवार | सत्तर भेदी पुजा<br>श्री घृतकल्लोल पार्श्वनाथ जिनालये ध्वजा महोत्सव |

आ उपरांत ता.२०-५-२०२१ गुरुवारना शुभ दिवसे आपणा सर्वेना परम श्रध्धेय श्री भलारादादाना मूख्य स्थाननी ध्वजा रोहणनो प्रसंग पण छे.

महोत्सव निमित्ते शुभ निश्रा

**परम पूज्य मुनिराज श्री हितवर्धनसागरजी म.सा.**

**परम पूज्य साध्वी श्री महायशाश्रीजी म.साहेब**

आ महोत्सव दरम्यान विधीकार श्री जीग्नेशभाई संघवी अने साथीदारो संगीतकार गायक श्री प्रवीण गोरनी पार्टी सुर-संगीत सह विधान करावशे. प्रसंग निमित्ते पधारनार भाग्यशाळी भाविकोने रेल्वेना स्लीपर क्लासनी टिकिटना दाता : मातुश्री हीराबाई हंसराज नरशी मोमाया परिवार.

ता.क : टिकिटनी झेरोक्ष कोपी साथे राखवा विनंती. तमारी हाजरीनी अगोतरी जाण करवा विनंती. जेथी संघने तमारी सुविधा माटे योग्य व्यवस्था करवा समय मळे.

संपर्क : सुथरी देरासर पेढी - ०२८३१-२८४२२3 श्री जिग्नेशभाई छेडा

**निमंत्रक : श्री सुथरी जैन संघ**

**ट्रस्टीओ**

# કચ્છમાં પ.પૂ. મુનિરાજશ્રી રાજરત્નસાગરજી મ.સા.ની નિશ્રામાં થયેલ શાસન પ્રભાવના



કચ્છ ૭૨ જિનાલય તીર્થ : જૈન શાસનના ચારેય ફિરકાઓમાં સર્વોચ્ચ સ્થાને બિરાજમાન રહેલા જિનશાસન શિરોમણી તપ સમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રીમદ્ ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના પ્રશિષ્ય-શિષ્ય મુનિરાજ શ્રી રાજરત્નસાગરજી મ.સા., મુનિ શ્રી ભાગ્યોદયસાગરજી મ.સા. આદિઠાણા ૭૨ જિનાલયથી પ્રયાણ કરી ભુજ મધ્યે પોષ દશમીની આરાધના કરાવી સંઘની વિનંતીને માન આપી ૨૨ દિવસ સ્થિરતા શ્રી અચલગચ્છ જૈન સંઘ-ભુજ મધ્યે રહ્યા. દરરોજ સવારના ૬ થી ૭ તેમજ જનરલ બધા માટે ૯.૩૦ થી ૧૦.૩૦ તેમજ રાત્રે ૯ થી ૧૦ યુવાનો માટે વ્યાખ્યાન શ્રેણી યોજાયેલ. જેમાં ભુજવાસીઓ સારી સંખ્યામાં લાભ લેતા રહ્યાં. ત્યારબાદ ભુજ સંઘે આ વર્ષના ચાતુર્માસ માટે આગ્રહભરી વિનંતી કરેલ.

ત્યારબાદ નવનીતનગર-ભૂજ પાંચ દિવસ સ્થિરતા કરી ત્રણ દિવસ આ. શ્રી દાનસાગરસૂરિ આરાધના ભવન સમીપ રોકાઈ વર્ધમાનનગર ભુજોડી મધ્યે આઠ દિવસ રોકાયા ત્યારબાદ કુકમા શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ રતનાલ થઈ અંજાર ત્રણ દિવસ સ્થિરતા કરી ત્યાં વિમલનાથ પ્રભુના કેવલજ્ઞાન કલ્યાણકની ભવ્ય ઉજવણી થઈ ત્યારબાદ નાકોડા નગર ગાંધીધામ ત્રણ દિવસ રોકાયા. વસંત પંચમીના દિવસે શ્રી હરીશભાઈ ચુરલાના નિજ ગૃહે ગૃહ જિનાલયની ધ્વજારોહણ પ્રસંગે નિશ્રા આપી. ભારતનગર આદિનાથ સોસાયટી મધ્યે ત્રણ દિવસ રોકાયા ભીમાસર મધ્યે રત્નમણી મેટલ કંપનીમાં જિનાલયની ધ્વજારોહણ પ્રસંગે નિશ્રા આપી પૂજ્યશ્રી ગાંધીધામ સંઘના ચિંતામણી પાર્શ્વનાથ મોટા દેરાસરે પધાર્યા છે. અત્રે સવારના ૯.૩૦ થી ૧૦.૩૦ વ્યાખ્યાન ચાલુ છે. ગાંધીધામવાસીઓ સારો લાભ લઈ રહ્યા છે.

---

# પ.પૂ.સા.શ્રી જિનગુણશ્રીજી મ.સા.ના સંયમ જીવનના ૩૩ વર્ષ પૂરા ૩૪ વર્ષમાં પ્રવેશ



જખૌના માવિત્ર કાંતાબેન જીવરાજ મૈશેરીના દુહિતા સંસાર જીવન ત્યાગી મહાસુદ ૧૦ તિથિ વિક્રમ સંવત ૨૦૪૪ના સંયમ જીવન પંથ સ્વીકાર્યો. પ.પૂ.આ.ભ.શ્રી અરિહંત સિધ્ધસૂરિજી મ.સા. વિજયજબુંસુરીજીના હાથે પાલીતાણામધે દીક્ષા ગ્રહણ કરી પ.પૂ.સાધ્વીશ્રી જિન ગુણશ્રીજી મ.સા. થઈ પ.પૂ.મુખ્યા સાધ્વીશ્રી હરખશ્રીજી મ.સા.ના શિષ્યા થયા. એમના સંયમ જીવન પ્રવાસના ૩૩ વર્ષ પસાર થઈ ૩૪મા વર્ષમાં પ્રવેશ થયો.

|| શ્રી મહાવીરાય નમઃ || || શ્રી સુવિધીનાથ નમઃ || || શ્રી આદીનાથાય નમઃ || KDO

શ્રી જખૌ મહાજન Estd.1966

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ જખૌ મહાજન

(રજીસ્ટ્રેશન નંબર A 1106 (કચ્છ) તા. ૨૮-૯-૬૬

સ્થાનિક કાર્યાલય : શ્રી રત્નટુંક જૈન દેરાસર, જખૌ, તા. અબડાસા, (કચ્છ)-૩૭૦ ૬૪૦. ફોન : (૦૨૮૩૧) ૨૮૭૨૨૪

મુંબઇ કાર્યાલય : C/o. ચાંપશી ડી. હેફા, ૩૦૨, મરૂધર, એન.એસ. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦ .

## વાર્ષિક સામાન્ય સભા (A.G.M.)

તા. ૨૦-૦૨-૨૦૨૧

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન સભ્યો જોગ,**

જય જીનેન્દ્ર સાથે જણાવવાનું કે મહાજનશ્રીની વાર્ષિક સામાન્ય સભા શનિવાર તા. ૨૭.૦૩.૨૦૨૧ સાંજના ૬.૩૦ કલાકે ઝુમ મીટીંગ દ્વારા કરવામાં આવેલ છે. જેની લિંક યોગ્ય સમયે www.jakhaujinalay.com તથા વિવિધ Whatsapp ગ્રુપ પર મુકવામાં આવશે.

## -: એજન્ડા : કાર્યસુચી :-

૧) ગત સભાની મિનિટનું વાંચન તથા એને બહાલી.

૨) મહાજનના વર્ષ ૨૦૧૯-૨૦૨૦ના ઓડીટેડ હિસાબોની રજુઆત અને મંજુરી.

૩) શ્રી રત્નટુંક જૈન દેરાસર, જખૌ ટ્રસ્ટના વર્ષ ૨૦૧૯-૨૦૨૦ના ઓડીટેડ હિસાબોની રજુઆત.

૪) દેરાસર તથા ભોજન શાળાના વિવિધ નકરા બાબત ચર્ચા - વિચારણા.

૫) મહાજનના વર્ષ ૨૦૧૯-૨૦૨૦ના ઓડીટર નિમણુંક બાબત.

૬) આ વર્ષમાં થયેલ કામકાજ બાબત ચર્ચા - વિચારણા.

૭) પ્રમુખશ્રીની મંજુરીથી અન્ય વિષયો પર ચર્ચા - વિચારણા

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ જખૌ મહાજન વતી**

લી. માનદ્ મંત્રીઓ : **જયંતીલાલ દેવશી મૈશેરી - ચાંપશી ડુંગરશી હેફા**

**નોંધ** : વર્ષ ૨૦૧૯-૨૦૨૦ મહાજનશ્રી અને ટ્રસ્ટના હિસાબી ચોપડાઓ (ઑડિટેડ) મહાજનશ્રી ની જખૌ ઓફીસ ખાતે, મહેતાજીને અગાઉથી જાણ કરી, તા. ૨૫-૩-૨૦૨૧ સુધી જોવા મળશે અને બેલન્સ શીટની કોપીઓ જખૌ દેરાસર, મુંબઇ ઓફીસ તથા www.jakhaujinalay.com ખાતે જોવા મળશે.

**નોંધ** : કોરમના અભાવે મુલત્વી રહેલ સભા અડધા કલાક બાદ તેજ લિંક ઉપર મળશે. તેમાં કોરમની જરૂરત રહેશે નહીં.

# ગુણોદય પૂરમ પાલીતાણા મધે ભાજપના રાજ્ય પ્રમુખ પધારી મુનિરાજશ્રીના દર્શન વંદન કરી આર્શીવાદ લીધા

તા.૨૪ ફેબ્રુઆરી બુધવારના ભારતીય જનતા પાર્ટીના ગુજરાત રાજ્યના પ્રમુખ સી.આર.પાટીલ પાલીતાણા મધે ગુણોદય પૂરમમાં પધારી પ.પૂ.મુનિરાજશ્રી પ્રિયંકરસાગરજી મ.સા.ના આશીર્વાદ લીધા હતા. આ અવસરે રાજકીય મહાનુભાવોનું સ્વાગત મહેન્દ્રસિંહ સરવૈયા તથા નાગલપુર વિદ્યાપીઠના ગૃહપતિ તલકશીભાઈ ડી.વીરાએ કર્યુ હતું.



# પૂજ્ય સાધ્વીજી ભગવંતોનો અમદાવાદ સંઘથી મુંબઈ તરફ વિહાર

શ્રી અચલગચ્છ જૈન સંઘ અમદાવાદના મંત્રી મુલચંદ નાનજી મારૂના જણાવ્યાપ્રમાણે પ.પૂ.સાધ્વીશ્રી ભવ્યગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી તીર્થરાજગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૨ તા. ૨૨ ફેબ્રુઆરી સોમવાર સવારે ૭ કલાકે અમદાવાદથી મુંબઈ તરફ વિહાર કરેલ છે. તા. ૨૮ ફેબ્રુઆરી રવિવાર અને તા. ૧ માર્ચ સોમવારના બે દિવસે મણિલક્ષ્મી તીર્થમાં સ્થીરતા કરશે. પૂજ્ય સાધ્વીજી ભગવંત સુખ શાતામાં છે. ભરતભાઈ સાઈકલવાળા તેઓની સાથે છે. ભરતભાઈ-૯૫૭૪૮૬૮૦૨૮.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**અનિલ હીરજી કુરવા**
તા.૨૧ ફેબ્રુઆરી (ઉ.૭૫)
બાયટ-કલીકટ



**પ્રફૂલચંદ એલ. લોડાયા**
તા.૨૧ ફેબ્રુઆરી (ઉ.૭૯)
મોટી ખાવડી-મુલુંડ



**નવલ દેવશી પોલડીયા**
તા.૨૧ ફેબ્રુઆરી (ઉ.૭૬)
ડુમરા-મુલુંડ



**રાજેન્દ્ર કે. વિકમશી**
તા.૨૩ ફેબ્રુઆરી (ઉ.૬૬)
જખૌ-નવી મુંબઈ



**ચંદન પી. લોડાયા**
તા.૨૨ ફેબ્રુઆરી (ઉ.૭૭)
તેરા-કલીકટ



**દેવકાબાઈ કે. ખોના**
તા.૨૩ ફેબ્રુઆરી (ઉ.૮૦)
જસાપર-ડોંબિવલી



**કુંવરજી કે. ખોના**
તા.૨૪ ફેબ્રુઆરી (ઉ.૯૮)
જસાપર-ડોંબિવલી



**દિપાલી પ્રતાપ મોમાયા**
તા.૨૩ ફેબ્રુઆરી (ઉ.૫૫)
નલિયા-કાંદિવલી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**




● રાપરના રવિભાણ સંપ્રદાય દરિયા સ્થાન મંદિરના સંત ત્રિકાલદાસજી મહારાજે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી ઈતિહાસ વિભાગમાં રવિભાણ સંપ્રદાયનું વિશિષ્ટ ક્ષેત્રમાં પ્રદાન રાપરના સંદર્ભમાં ઈસ ૧૮૦૦૦ થી ૨૦૦૦ વિજય પર મહાસંશોધન નિંબધ તૈયાર કરી પી.એચ.ડી.ની પદવી મેળવી ડોક્ટરેટ ઉપાધિ હાંસિલ કરી છે. રાપરમાં જ નહીં પણ વાગડ તથા કચ્છમાં સંસ્કાર ઘડતર માટે સત્સંગના માધ્યમથી અભિયાન ચલાવતા ત્રિકાલ દાસજી મહારાજ રાપરમાં રવિભાણ સંપ્રદાય દરિયા સ્થાન મંદિરમાં સંત તરીકે સત્સંગ સેવા, સુમિરનની પરંપરાને વધુ પ્રજ્વલિત કરી રહ્યાં છે.

● ભુજની લિટલ સ્ટેપ્સ મોન્ટેસરી સ્કૂલના સ્થાપક અને ડાયરેક્ટર આરતી કુમારી ઈન્ટરનેશનલ ડે ઓફ એજ્યુકેશનની ઉજવણી રૂપે વિશ્વના ૫૦ થી વધુ દેશોના સહભાગીઓમાંથી પસંદગી પામી યુનેસ્કો તરફથી યોજીત આંતર રાષ્ટ્રીય સ્તરની લીડરશિપ રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાં વક્તવ્ય આપી છવાઈ ગયા હતા. પાઠ્યપુસ્તકના ચાર ખૂણા વર્ગ ખંડની ચાર દિવાલોની બહાર પણ શીખવાનું ઘણું બધું છે. સંસ્કાર, સમજણ સાથે શિક્ષણ આપી પ્રત્યેક બાળકને હિંમતવાન અને સારા માનવી બનાવે તેવા શિક્ષકોની સમાજને તથા દેશને તાતી જરૂર છે તેવો વિચારો તેઓએ માંડ્યા હતા.

● અહિંસા યાત્રાના પ્રણેતા તેરા પંથ ધર્મ સંઘના ૧૧મા અનુશાસ્તા આચાર્ય મહા શ્રમણે તેમના ચરણો દ્વારા ૫૦ હજાર કિ.મી.નો આંકડો પાર કરી એક નવો ઈતિહાસ રચ્યો છે. ૨૦૧૪માં દિલ્હીના લાલ કિલ્લાથી શરૂઆત કરી ભારતના ૨૩ રાજ્ય ઉપરાંત નેપાળ અને ભુતાનમાં શાંતિ અને અહિંસાની અલખ જગાવતાં રહ્યાં છે. આચાર્ય તેમની પદયાત્રા દરમ્યાન દરરોજ ૧૫ થી ૨૦ કિ.મી.ની મુસાફરી કરે છે. આ સાથે તમામ ધર્મો, પ્રબુધ્ધ વર્ગો સહિત વિવિધ વર્ગના સેમિનારોનું આયોજન કરે છે.

● ૨૬ ઓગસ્ટ ૨૦૦૮ના દિવસે સરહદી પચ્છમ વિસ્તારમાં ગાયો ચરાવવા દરમ્યાન અજાણતાં સરહદ પાર કરીને સામે પાર પહોંચી ગયેલા આ પાકિસ્તાની રેન્જરના હાથે ઝડપાયેલા ફઝલવાંઢ તા. ભુજના ૫૧ વર્ષીય ઈસ્માઈલ અલી મામદ સમાને ભારતીય જાસૂસ તરીકે પાકિસ્તાની આર્મી, ગુપ્તર એજન્સીઓ અને તંત્રોએ કાર્યવાહી કરી કોર્ટએ સજા કરી હતી. જે સજા પૂર્ણ થઈ ગયા બાદ સાડા પાંચ વર્ષ સુધી જેલ મુક્તિબાદ જાગૃત અને સેવા ભાવી આગેવાનો દ્વારા કાર્યવાહી અને રજૂઆત બાદ વાઘા બોર્ડરથી અમૃતસર થઈને કચ્છની ધરતી પર સુખરૂપ બાર વર્ષ બાદ પહોંચતા પરિવાર સ્વજનોમાં હરખ વ્યક્ત કરાયો હતો.

● ભુજનું શણગાર કહેવાતું હમીરસર તળાવ આ ચોમાસે માંડ છલકાયું. તેનું પાણી દૂષિત થવાથી તેમાં ઊગી ગયેલી જળકુંભી અને શેવાળનો જમાવડો દૂર કરવા સ્વામિનારાયણ મંદિરના સાંખ્ય યોગી બહેનો યુવતી મંડળની મહિલાઓએ કડકડતી ઠંડીમાં રઘુનાથજીના આરા તથા રામધૂન પાસેના ગૌઘાટની સફાઈ અભિયાન હાથ ધરાયું હતું.

● માનવ જ્યોત ભુજ સંચાલિત રામદેવ સેવાશ્રમ પાલારાની મુલાકાતે આવેલા ગોપાલભાઈ માવજી ગોરસિયાએ સંસ્થાના વાહનો જૂના થઈ ગયા હોવાથી નવા વાહનોને માટે ટાટા ગોલ્ડ છોટા હાથી વાહન અર્પણ કર્યું હતું. સ્વામિનારાયણ મંદિરે પુરાણી સ્વામિ માધવદાસજી તથા કોઠારી સ્વામી દ્વારા પૂજા અર્ચના અને ધાર્મિક મંત્રોચ્ચાર વચ્ચે વાહનની ચાવી દાતાએ સંસ્થાના પ્રબોધ મુનવર, પૃથ્વીરાજ સિંહ જાડેજા, શંભુભાઈ જોષીને અર્પણ કરી હતી.

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)




insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

**MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL**